## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ ડેપોને 4 મિનિ બસ ફાળવવામાં આવી




વલસાડ : ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વલસાડ ડેપોમાં ફાળવાયેલી નવી 4 મીની બસનું લોકાર્પણ સોમવારે વલસાડના ધારાસભ્ય ભરત પટેલે લીલીઝંડી આપી કરાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ 'સલામત સવારી, એસટી અમારી સૂત્ર'ને આગળ ધપાવતા નિગમ દ્વારા વલસાડ ડેપોને હાલમાં 4 મીની બસ ફાળવવામાં આવી છે. જે વલસાડ જિલ્લાના વિવિધ રૂટ ઉપર મુકવામાં આવશે. જે પ્રસંગે વલસાડ ડેપો મેનેજર અનિલ અટારા, ડેપો કર્મચારી મંડળના પ્રમુખ મુકેશ પટેલ, મંડળના પ્રતિનિધિ નિસાર ખાન સહિત અન્ય કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ ડેપોમાં 4 નવી બસ ફાળવવામાં આવી હોવા છતાં છેલ્લા એકાદ વર્ષથી સવારે વલસાડથી ઉપડતી કપરાડા બસ ખખડધજ હોઈ માર્ગ વચ્ચે ખોટકાવવા, બંધ થવા કે પંચર પડવાની ઘટના બનતી હોવા છતાં, ડુંગરાળ વિસ્તાર હોવા છતાં ડેપો દ્વારા નવી બસ ફાળવવામાં ન આવતા નિયમિત મુસાફરો અને નોકરિયાતોમાં આક્રોશ ફેલાયો છે. જેઓ એક બે દિવસમાં સાંસદને મળી આ મુદ્દે રજૂઆત પણ કરશે, તેવું જાણવા મળ્યું છે.

### વિપક્ષ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દાનહ-દમણ-દીવ ભાજપે વિરોધ રેલી કાઢી



દમણ : તાજેતરમાં જ કેન્દ્રના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા બિહારમાં ચાલી રહેલી વોટ અધિકારી યાત્રામાં તેમના પ્રચારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વ.માતા હીરાબા વિશે નિમ્ન અને અભદ્ર શબ્દોનો પ્રયોગ કરાયો હોવાનો આક્ષેપ ભાજપ પાર્ટી દ્વારા લગાવી દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ત્યારે સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવ ભાજપ દ્વારા પણ આજરોજ નાની દમણ વિસ્તારમાં પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાના નેજા હેઠળ વિવિધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ રેલી આયોજિત કરી રાહુલ ગાંધી માફી માંગે તેવી માંગ કરી હતી. આ રેલીમાં પૂર્વ સાંસદ લાલુ પટેલ, પ્રદેશ સચિવ જીગ્નેશ પટેલ, જિ. પ્રમુખ ભરત પટેલ, યુવા નેતા નવીન પટેલ, પાલિકા અધ્યક્ષ અસ્પી દમણિયા, વિશાલ ટંડેલ, સિમ્પલ ટંડેલ, ફાલ્ગુની પટેલ સહિત મોટી સંખ્યામાં પાર્ટીના મહિલા-પુરુષ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### આજનો માણસ પરમાત્મ પ્રેમીને બદલે પદાર્થપ્રેમી વધુ બનતો જાય છે : પદ્મદર્શનવિજયજી



સુરત : સોમનાથ રોડ સ્થિત શ્રી ગોહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે પરમાત્મા સાથે સાચો સંબંધ બાંધવા માટે સ્મરણ, દર્શન, સ્તવન અને સ્પર્શન જરૂરી છે. સ્મરણ વ્યક્તિની ગેરહાજરીમાં થાય છે. સ્મરણ સારાનું થાય તેમ ખરાબનું પણ થાય છે. જેના માટે પ્રેમ હોય છે તેનું સ્મરણ મધુરતા જગાડે છે. પદ, પદાર્થ અને પૈસાનું સ્મરણ સહજ રીતે થઈ જાય છે, પરમાત્માનું સ્મરણ કરવું પડે છે. આજનો માણસ પરમાત્મપ્રેમીને બદલે પદાર્થપ્રેમી વધુ બનતો જાય છે. તમે જો મસમોટા બિલ્ડિંગો, ફ્લેટો અને બંગલાઓ બનાવી શકો છો. એ ફ્લેટો કે બંગલામાં બેડરૂમ, ડ્રોઈંગરૂમ અને ગેસ્ટરૂમ વગેરેની વ્યવસ્થા કરો છો તો શું એક 'ગોડરૂમ' ન બનાવી શકો ? ગાડી માટે ગેરેજ વગેરેની વ્યવસ્થા કરી શકો તો પ્રભુ માટે ક્યાંય જગ્યા નથી ?.

### ડાંગ જિલ્લાનાં ઇસખંડી ગામનો ૧૧ વર્ષીય બાળક ગુમ થયો



સાપુતારા : ડાંગનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ તરફથી મળેલી એક અખબારી યાદી અનુસાર, ડાંગ જિલ્લાના સુબીર પોલીસ સ્ટેશનમા સમાવિષ્ટ ઇપખંડી ગામનો ૧૧ વર્ષીય બાળક ગુમ થયેલો છે. ગુમ થનાર વિશાલભાઇ સુકિરાવભાઇ પવાર દેખાવે ઘંઉ વર્ણ, ચહેરો લંબગોળ, ઊંચાઇ ૩ ફુટ, પાતળો બાંધો જેના શરીરે ખાખી કલરની ટી-શર્ટ તથા કમરમાં હાફ પેન્ટ પહેરેલું છે. આ બાળક ઘરેથી ગામમાં આવેલા દેવળનાં પ્રોગ્રામમાં જમવા માટે જઇ રાત્રીના સમયે પરત ઘરે નહીં આવી કોઇ અજાણ્યો ઇસમ સગીરનું અપહરણ કરી લઇ જઇ ગુનો કર્યા અંગેની ફરીયાદ નોંધાઈ છે. ઉક્ત વર્ણન વાળો બાળક યુવક જો આપના શહેર તથા જિલ્લા વિસ્તારમાં મળે તો, આહવાના પોલીસ કંટ્રોલ રૂમ.૦૨૬૩૧-૨૨૦૩૨૨/૨૨૦૬૫૮ તથા સુબીર પોલીસ સ્ટેશનનો ૮૧૬૦૮૭૫૪૫૯ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

### કોલકના અધ્યાપક પીએચ.ડી. થયા



વાપી : વલસાડના પારડી તાલુકાના કોલક ગામના રહેવાસી અને કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં કોમર્સ / બેન્કિંગના મદદનીશ અધ્યાપક તરીકે ફરજ બજાવતા પ્રા.રીપલબેન કાનજીભાઇ ટંડેલે **'A Study of Socio-Economic condition of seafarers in Valsad District, Gujarat' વિ**ષય પર રજુ કરેલા મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ મહાશોધ નિબંધ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્ય ડો. ગીરીશકુમાર એન. રાણાના માર્ગદર્શન હેઠળ તેયાર કર્યો હતો.

### બીલીમોરા કોલેજમાં સાયબર અવરનેસ સેમિનાર યોજાયો




બીલીમોરા : બીલીમોરાની વીએસ પટેલ કોલેજમાં સાયબર અવરનેસ સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે નવસારી જિલ્લા પોલીસ સાયબર ક્રાઇમના પોલીસ ઇન્સ્પેક્ટર ઉમંગ મોદી અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમણે વિવિધ સાયબર ફ્રોડ, ઓટીપી ફ્રોડ, ડીજીટલ એરેસ્ટ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા સાથે પી.પી.ટી તથા વિડીયો દર્શાવ્યા હતાં. ઓનલાઇન ટેસ્ટ (QUIZ) લેવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે કેવલ પટેલ, બીજા ક્રમે હેની, ત્રીજા ક્રમે સ્નેહા મિશ્રા અને આશ્વાસન ઇનામ પીનું પટેલ અને બલજીત સિંઘને પ્રાપ્ત થયું હતું. બીવીકે મંડળ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઇ અમીન, ડો.અરવિંદ બજાજ, ડો.જીગ્નેશ દેસાઇ, મેજર ડો.ભાવેશ દેવતા, ડો.રીતેશ નાયક અને ડો.કૃણાલ ભાવસાર ઉપસ્થિત હતાં. સમગ્ર કાર્યક્રમનું Youtube Live પ્રસારણ કરવામાં આવ્યુ હતું જેમાં ૨૦૦ ઓનલાઇન અને ૩૦૦ ઓફલાઇન વિદ્યાર્થીઓ મળી ૫૦૦ લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# રાષ્ટ્રીય સ્મારકના કર્મચારીઓને સત્યાગ્રહ કરવાની નોબત

**દાંડીના** નમક સત્યાગ્રહ રાષ્ટ્રીય સ્મારકના 203 કર્મચારીને ત્રણ મહિના અડધો જ પગાર મળ્યો

**જો પગાર** વહેલી તકે નહીં મળે તો કામ બંધ કરી દેવાની ચીમકી



નવસારી : ગાંધીજીના ઐતિહાસિક મીઠાના સત્યાગ્રહથી આખી દુનિયામાં વિખ્યાત દાંડી ખાતે આવેલા નમક સત્યાગ્રહ રાષ્ટ્રીય સ્મારકના 203 કર્મચારીઓને ત્રણ મહિના અડધો જ પગાર મળવાને કારણે કર્મચારીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વહેલી તકે પગાર નહીં ચુકવાય તો કામ બંધ કરવાની ચીમકી આપી છે.

ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ હેઠળ આવતા દાંડી નમક સત્યાગ્રહ રાષ્ટ્રીય સ્મારકનું સંચાલન અમદાવાદની એક્સપોઝિશન એન્ડ કન્વેન્શન કંપની કરે છે. આ કંપનીનો કોન્ટ્રાક્ટ સપ્ટેમ્બર 2024 માં પુરો થઈ ગયો હોવાનું કહેવાય છે, છતાં હજુ એ કંપની સંચાલન સંભાળે છે.

ત્રણ મહિનાથી અડધો પગાર બાકી રહેતા 203 કર્મચારીઓએ ઓફિસ ઈન્ચાર્જને રજુઆત કરી હતી. ઓફિસ ઈન્ચાર્જે કંપનીના એમ.ડી. ને વાત કરી હતી. 27 ઓગષ્ટે મળેલી મિટીંગમાં કંપનીના એમડીએ 2 સપ્ટેમ્બર સુધીમાં પગાર આપી દેવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ એ સમય પુરો થઈ જવા છતાં પગાર નહીં મળતાં કર્મચારીઓએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

## નારગોલના વારોલી બ્રિજ પર ચંપલ અને મોપેડ મૂકીને યુવાને પાણીમાં ઝંપલાવ્યાની આશંકા

ઉમરગામ : ઉમરગામનો યુવાન ઘરેથી નીકળ્યા બાદ પરત નહીં આવતા પરિવાર ચિંતાતુર છે. ઉમરગામ નારગોલ વારોલી બ્રિજ પરથી ચંપલ અને સ્કુટી મળતા નદીના પાણીમાં ઝંપલાવ્યાની આશંકા વચ્ચે ફાયરના જવાનોએ શોધખોળ હાથ ધરી હતી. ઉમરગામ ગાંધીવાડી વિસ્તારમાં રહેતો યુવાન અમિત પ્રજાપતિ (ઉ 22) સોમવારે સવારે 9:30 વાગે ઘરેથી નીકળ્યો હતો જે ઘરે પરત નહીં આવતા પરિવારજનોએ ઉમરગામ પોલીસને ગુમ થયાની જાણ કરી હતી. મંગળવારે સવારે સ્કૂટી અને ચંપલ ઉમરગામ નારગોલ વારોલી બ્રિજ ઉપરથી મળી આવતા યુવાને નદીના પાણીમાં ઝંપલાવ્યુ હોવાની આશંકા વ્યક્ત કરાય રહી છે.

ચિંતાતુર પરિવારજનો પણ દોડી ગયા હતા સ્થાનિક તરવૈયા અને ફાયર વિભાગના જવાનોએ શોધખોળ હાથ ધરી હતી. પોલીસ પણ સ્થળ ઉપર દોડી આવી હતી. કલાકોની શોધખોળ બાદ પણ આ લખાઈ રહ્યું છે ત્યારે મોડી સાંજ સુધી ગુમ યુવાન મળી આવ્યો ન હતો.

## કુંભઘાટ પર કન્ટેનર ફસાઇ જતાં 15 કિલોમીટર સુધી ટ્રાફિક જામ

**મોડિ** રાત સુધી ટ્રાફિકમાં વાહન ચાલકો ફસાયા

**તંત્ર** પાસે મોટી ક્રેન નહીં હોવાથી અન્ય સ્થળેથી મંગાવવામાં સમય લાગતા લોકો મુશ્કેલીમાં મુકાયા





વલસાડ : નાનાપોંઢા કપરાડા માર્ગ ઉપર માંડવા વડદેવી ટેકરી નજીક ગઈકાલે સવારે એક વિશાળ કન્ટેનર માર્ગ વચ્ચે આડું થઈ જતાં આશરે 15 કીલોમીટર લાંબી વાહનોની કતાર લાગી હતી. સ્થાનિક ક્રેન દ્વારા પ્રયાસ નિષ્ફળ જતાં બુલેટ ટ્રેનની ક્રેન બોલાવીને કન્ટેનર હટાવવામાં આવ્યું હતું. સોમવારે બનેલી ઘટનાથી નાનાપોંઢા અને કપરાડા એમ બંને તરફ વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી. ખાડાવાળા અને જીવલેણ માર્ગ પર વારંવાર અકસ્માતો થતા હોવા છતાં તંત્ર પાસે મોટી ક્રેન નથી, કે ઈમરજન્સીની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. પરિણામે અકસ્માત કે વાહન પલટવાની ઘટના સમયે ટ્રાફિક જામ થતાં વાહન ચાલકોએ આખો દિવસ ભૂખ્યા પેટે રાહ જોવી પડે છે. સરકારી અધિકારીઓની ઉદાસીનતાના કારણે આવી સમસ્યાઓ વારંવાર થતી રહે છે. વાહન ચાલકો રોડ ટેક્સ ચૂકવતા હોવા છતાં તેમને મૂળભૂત સુવિધાઓ મળતી નથી. કપરાડા કુંભઘાટ પર તાત્કાલિક ઈમરજન્સી સેવા અને અકસ્માત નિવારણ સુવિધા ઊભી કરવાની જરૂર છે જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓ ટાળી શકાય.

## વાપીમાં આ.પૂ. પ્રબોધ સુરીશ્વરજી મ.સા.એ શ્રાવકોને આશીર્વાદ આપ્યા



■ વાપી : વાપીના ગુંજન વિસ્તારમાં આવેલા જૈનસંઘમાં બિરાજમાન આ.પૂ.પ્રબોધ સુરીશ્વરજી મ.સા.એ શાહ પેપરમીલ, જીઆઇડીસી પોલીસ મથક સહિત જુદા જુદા સ્થળે પગલાં કરી માંગલિક પ્રવચન આપ્યું હતું. ગુરૂભગવંતે આશિર્વાદ પણ આપ્યા હતા. વાપી જીઆઈડીસી પોલીસ મથકમાં આદિનાથ જિનાલયથી પ. પૂ. આ. શ્રી પ્રબોધચન્દ્ર સુરીશ્વરજી મ. સા (ચકાચક મહારાજ)એ પધરામણી કરી હતી. જેમાં વાપી વિભાગના નાયબ ડીવાયએસપી બી.એન.દવે, વાપી જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ મયુર પટેલ તેમજ તેમના સ્ટાફે આશીર્વાદ લીધાં હતાં. જેમાં શાહ પેપર મિલના મહેન્દ્રભાઈ શાહ, એ.કે.શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઉમરગામના ફણસામાંથી દારૂ ભરેલી કાર સાથે ડ્રાઇવર અખિલેશ યાદવની અટક

**પોલીસની** નાકાબંધી જોઈ ચાલકે કાર પુરઝડપે હંકારતા પલટી મારી જતા ચાલકને ઇજા

ઉમરગામ : વલસાડ એલસીબી પોલીસે ઉમરગામના ફણસામાંથી દારૂ ભરેલ કાર ઝડપી પાડી રૂપિયા 6,01,425 નો દારૂનો જથ્થો કબજે લીધો હતો. પોલીસની નાકાબંધી જોઈ કાર ચાલકે કાર પુરઝડપે હંકારતા પલટી મરાવી દેતા ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.

વલસાડ એલસીબી પોલીસ મંગળવારે પેટ્રોલિંગમાં હતી તે વખતે બાતમી મળી હતી કે દમણથી ઈંગ્લિશ દારૂ ભરીને એક swift કાર નંબર જી જે 21 સીસી 4843 ફણસા તરફ આવી રહી છે. તે બાતમીના આધારે નાકાબંધી કરી હતી તે વખતે ઉપરોક્ત કારના ચાલકે પોલીસની નાકાબંધી જોઈ બીજાની જિંદગી જોખમાય તે રીતે પૂર ઝડપે અને ગફલત રીતે કાર હંકારી લાવી ભાગવા જતા સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી અને કારના ચાલક અખિલેશ મહેન્દ્રભાઈ યાદવ (રહે નાની દમણ ખારીવાડ તથા પારડી ચાર રસ્તા કેરી માર્કેટની બાજુમાં મૂળ રહે યુપી)ને સામાન્ય ઈજા પહોંચી હતી. કારમાંથી રૂપિયા 6,01,425 નો દારૂનો જથ્થો વિસ્કીની બોટલ મળી આવી હતી. એક મોબાઈલ ફોન તથા પોલીસે 5 લાખની કિંમતની કાર મળી કુલ રૂપિયા 11,6,425 નો મુદ્દામાલ કબજે લીધો હતો અને ડ્રાઈવર અખિલેશની અટક કરી હતી અને પાયલોટીંગ કરનાર આરોપી શૈલેષ હળપતિ (રહે બામણ પૂજા)ને વોન્ટેડ જાહેર કરી બનાવ અંગે ઉમરગામ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.


**CSB Bank** Trusted Heritage Smart Future
CSB Bhavan, St Mary,s College Road, Thrissur

**PUBLIC NOTICE**

**NOTICE OF SALE / AUCTION OF GOLD ORNAMENTS**

CSB Bank Ltd. hereby issues public notice for sale of pledged ornaments which pertains to borrower/s who have deceased as per Bank's knowledge. The loan dues however remained unpaid and the Bank despite repeated reminders have not disclosed a concrete report pertaining to the deceased borrower/s nor the appropriate legal heir/s (with legitimate certificate ofcourse) hence, leading the account/s been classified as Non Performing Asset. The details are mentioned hereunder:-

| S. No. | Account Number | Name of Deceased Borrower | Total Weight of Gold Ornaments: [___ grams] | Date of Pledge | Outstanding Amount: ₹ as on 01-09-2025 |
|---|---|---|---|---|---|
| SILVASA | | | | | |
| 1 | 0391105890463 | Kachve Sundaben Babulal | 129 | 20-07-2023 | 466469.59 |
| 2 | 0391105890451 | Abhijit Anil Yadav | 8.7 | 29-01-2022 | 31943.50 |

The unavailability of the above has led the Bank to propose sale of the pledged gold ornaments by way of public auction. Anybody whosoever produces the legal heirship certificate within the expiry of 15 (fifteen) days from the date of publication of this notice shall come forward, failing which it shall be presumed that there is no objection for the sale and the Bank will proceed with the auction without further notice. In the instance case, Bank in order to recover the outstanding dues holds the upper hand to dispose/sell the pledged Gold.
You may get in touch incase you wish to the undersigned. Date of E-Auction 19.09.2025, Website : https://gold.samil.in/

Date: 03.09.2025 | Place: Dadra And Nagar Haveli And Daman And Diu — Sd/- Authorized Officer, CSB Bank



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૭.૦૨.૦૨૫**ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. સંદિપ દ્વિવેદી ૨. નીતા દ્વિવેદી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૧૮,૪૫,૫૦૭.૨૦/- (અંકે રૂપિયા અઢાર લાખ પીસ્તાલીસ હજાર પાંચસો સાત અને વીસ પૈસા પુરા) તા.૨૬.૦૨.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૮મી ઓગસ્ટ ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૧૮,૪૫,૫૦૭.૨૦/-(અંકે રૂપિયા અઢાર લાખ પીસ્તાલીસ હજાર પાંચસો સાત અને વીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે લાભ શુભ-૨ તરીકે ઓળખાતી બિલ્ડીંગ 'સી' ના ૪થા માળનો ફ્લેટ નં. ૪૦૬ માપ આશરે ૧૦૫૧ ચો.ફુટ, સુપર બિલ્ટઅપ એરીયા બાંધકામ ના જમીન સર્વે નં. ૨૮૧/૨/૨, માપ આશરે ૨૫૨૯ ચો.મીટર, ગામ. ચાનોદ, તા. વાપી, જી. વલસાડ, ગુજરાત-૩૯૬૧૯૫ ખાતે આવેલ છે અને જેની ચતુર્થદિશા **પુર્વે** : ફ્લેટ નં. ૪૦૭, **પશ્ચિમે** : ફ્લેટ નં. ૪૦૫, **ઉત્તરે** : ખુલ્લી જમીન, **દક્ષિણે** : ફ્લેટ નં. ૪૦૪.

**તારીખ : ૨૮.૦૮.૨૦૨૫**
**સ્થળ : ગુજરાત**
**લોન ખાતા નં.: ૧૩૫૨૪૦૧૯૯**

**સહિ/- અધિકૃત અધિકારી,**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ**
**(અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**



પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ

**હાર્દિક શ્રદ્ધાંજલિ**



**સ્વર્ગસ્થ દેવીલાબેન નગીનદાસ શાહ**

જન્મ :- ૨૧-૦૪-1940 દેવલોક :- 03-09-2024

" એક વર્ષ વીતી ગયું, પણ હૃદયમાં તમારૂ સ્થાન હજીએ અડગ છે,
શબ્દોમાં કહું એટલું સહેલું નથી, પણ તમારી ઉણપ કેટલી ઊંડી છે.

તમે આપેલો પ્રેમ, જીવનનો સાચો પાઠ બની રહ્યો છે,
તમારા આશીર્વાદો આજે પણ અમારા દરેક પગલે છાંયો બની રહ્યો છે.

મૃત્યુએ તમારૂ શરીર છીનવી લીધું છે, પણ યાદો આજે પણ જીવંત છે,
આજે પ્રથમ પૂણ્યતિથિ પર માઁ તમને સાચા હૃદયપૂર્વક નમન. "

લિ.

- સંચાલક મંડળ
- શ્રી અમરજ્યોત એજ્યુકેશન સોસાયટી
- શ્રીનાથજી સ્કૂલ
- શ્રીનાથજી બી.બી.એ. કોલેજ
- શ્રીનાથજી બી.સી.એ. કોલેજ
- શ્રીનાથજી કોમર્સ કોલેજ

**દમણ**